# રાજકોટ રૂરલ જીલ્લા ઃ- પોલીસે કરેલ સારી કામગીરી

## માહે- જાન્યુઆરી/૨૦૨૧

## એન.ડી.પી.એસ.ના કેસો-(૧)

(૧) તા.૦૫/૦૧/૨૦૨૧ ના રોજ એસ.ઓ.જી. શાખાના પો.અધિ.શ્રી/કર્મચારીઓ ધોરાજી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમીરાહે હકીકત મળેલ કે, જાફરશા રજાકમીયા મટારી સૈયદ રહે.ધોરાજી બહારપુરા રોનકસ્કુલની પાસે શેખ નથુશા બાવાની દરગાહ પાસે વાળો પોતાના કબ્જામાં ભોગવટાવાળા મકાનમાં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ (માદક પદાર્થ) નો જથ્થો રાખી તેનું વેચાણ કરતો હોવાની હકિકત મળેલ. જે હકીકત આધારે હકિકત વાળી જગ્યાએ રેઈડ કરતા જાફરશા રજાકમીયા મટારી જાતે સૈયદ ઉ.વ.૬૨ ધંધો.ભીક્ષાવૃતી રહે.ધોરાજી બહારપુરા રોનક સ્કુલની પાસે શેખ નથુસા બાવાની દરગાહ પાસે જી.રાજકોટવાળો પોતાના કબ્જા ભોગવટાવાળા રહેણાક મકાનમાંથી ગેર કાયદેસર રીતે માદક પદાર્થ ચરનો જથ્થો કુલ વજન ૧૪૩ ગ્રામ કિ.રૂ.૨૧,૪૫૦/- નો રાખી વેચાણ કરવાના ઇરાદે રાખી મળી આવેલ. તેમજ સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન નંગ-૦૧ જેની કિ.રૂ.૫૦૦/- મળી કુલ કિ.રૂ.૨૧,૯૫૦/- ગણી કબ્જે કરેલ તથા આરોપીને તા.૦૬/૦૧/૨૦૨૧ ના ક.૦૪/૦૦ વાગ્યે હસ્તગત કરી આરોપી વિરૂધ્ધ ધોરાજી પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૦૦૧૮/૨૦૨૧ એન.ડી.પી.એસ એકટ ક.૮(સી),૨૦બી(૨-બી) મુજબ ગુન્હો રજી. કરાવેલ.

## ગેરકાયેદસર હથીયાર (આર્મ્સ એકટ) મુજબ કેસ : (૧)

(૧) તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ એસ.ઓ.જી. શાખાના પો.અધિ.શ્રી/કર્મચારીઓ કોટડાસાંગાણી પો.સ્ટે. વિસ્તારના હડમતાળા જી.આઇ.ડી.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમીરાહે હકીકત મળેલ કે, એર્ટનર્લ એલોય કાસ્ટ કારખાના તરફ જવાના રસ્તા ઉપર એક હિન્દી ભાષા બોલતો ઇસમ કે જેને કથ્થઇ તથા બ્લ્યુ કલરની લાઇનીગ વાળો શર્ટ તથા બ્લ્યુ કરલનું જીન્સનું પેન્ટ પહરેલ છે. તે પોતાના પેન્ટના નેફામાં ગેરકાયદેસર રીતે હથીયાર રાખી આંટા ફેરા કરે છે. જે હકીકત આધારે હકિકત વાળી જગ્યાએ રેઈડ કરતા રસીદખાન નસીરખાન પઠાણ જાતે મુસ્લીમ ઉ.વ.૧૯ ધંધો.મજુરી રહે.વેરાવળ(શા) સર્વોદય સોસાયટી હરગંગે વે-બ્રીજ પાસે તા.કો.સા. મુળ નિજામતપુર્વા તા.બેસાન્ડા જી.બાંદા (યુ.પી.) વાળો પોતાના કબ્જામાં ગેર કાયદેસર રીતે એક પીસ્ટલની કિ.રૂ.૨૦,૦૦૦/- તથા ત્રણ કાર્ટીઝની કિ.રૂ.૩૦૦/- તથા એક દેશી બનાવટનો કટ્ટાની કિ.રૂ.૫,૦૦૦/- તથા કટ્ટાની એક કાર્ટીઝની કિ.રૂ.૧૦૦/- એમ કુલ કિ.રૂ.૨૫,૪૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવતા આરોપીને ક.૨૦/૪૫ વાગ્યે હસ્તગત કરી આરોપી વિરૂધ્ધ કોટડાસાંગાણી પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૬૨૧૦૦૧૦/૨૦૨૧ આર્મ્સ એકટ ક.૨૫(૧-બી),(એ) મુજબ ગુન્હો રજી. કરાવેલ.

## લુંટ મુજબ કેસ : (૧)

(૧) તા.૧૧/૦૧/૨૦૨૧ ના રોજ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન Part-A FIR No. 11213023210027 આઈ.પી.સી. કલમ. ૩૯૪, ૧૧૪, મુજબની ફરીયાદીશ્રી નિરવભાઇ સ/ઓ દિનેશભાઇ વ્રજલાલભાઇ ચાવડા જાતે ખ્વાસ ઉવ.૨૨ ધંધો માર્કેટીંગ રહે.ઉપલેટા પોરબંદર રોડ જકાતનાકાની સામે એસ.કે.સ્કુલ વાળી શેરી તા.ઉપલેટા જી.રાજકોટ વાળાની સ્વીફ્ટ ડીઝાઇર ફોરવ્હીલ કાર રજી નંબર જી.જે.૨૫.એ.૬૬૨૧ કી રૂ.આશરે ૨.૫૦.૦૦૦/ વાળી ને હાથ ઉચો કરી રોકેલ અને તેની પાસે બોલાવી ઢીકા મારી પાડી દઇ કાર તથા કાર મા રાખેલ રોકડ રૂ આશરે -૩૦,૦૦૦/ તથા સેમસંગ કંપનીનો એ-૨૦-૧-S મોબાઇલ કી રૂ-૧૦,૦૦૦/ નો એમ કુલ મુદામાલ રૂ -૨,૯૦,૦૦૦/ ની લુટ ત્રણ અજાણ્યો ઇસમ નાશી ગયેલ હોય જેથી તુર્તજ, ટેકનીકલ મદદથી તેમજ ખાનગી રાહે બાતમી આધારે તપાસ કરતાં ફરીયાદીની મારૂતિ સ્વીફ્ટ કારની લુટ કરી લઇ ગયેલ તે ઇસમ હાલે અમદાવાદ ખાતે હોય તેવી સચોટ હકિકત આધારે **એલ.સી.બી.ની અલગ-અલગ ટીમો બનાવી** અમદાવાદ ખાતેથી આરોપી પ્રકાશભાઇ ઉર્ફે પકો ગોવિદભાઇ વારોતરીયા રહે. હાલ અમદાવાદ, ધાટલોડીયા, વાળાને સ્વીફટ કાર જેના રજી.નં. જી.જે.૨૫એ-૬૬૨૧ સાથે પકડી પાડેલ તેમજ યુકિત

પ્રયુકતિથી પુછપરછ કરતાં બીજા અન્ય બે આરોપીઓ જેમાં નં.(૧) જીતેન્દ્રભાઇ રમણીકભાઇ અગ્રાવત જાતે બાવાજી ઉ.વ.૩૧, ધંધો ડ્રાઇવિંગ રહે.ઉપલેટા યોગેશ્વરનગર પોરબંદર રોડ તથા નં.(૨) નીરવભાઇ દિનેશભાઇ ચાવડા જાતે ખવાસ ઉ.વ.૨૨, રહે. ઉપલેટા, પોરબંદર રોડ, જકાતનાકાની સામે એસ.કે.સ્કુલ વાળાઓને ઉપલેટા ખાતેથી પકડી ઉપરોકત ત્રણેય આરોપીઓના કબ્જામાં થી એક સ્વીફટ કાર, એક મો.સા, તથા મોબાઇલ ફોન, રોકડ રૂપિયા મળી કુલ મુદ્દામાલ રૂ.૩,૧૨,૫૦૦/- કબ્જે કરી જેતપુર તાલુકા પો.સ્ટે. Part-A FIR No.11213023210027 આઈ.પી.સી.કલમ.૩૯૪,૧૧૪, મુજબનો અનડીટેકટ ગુનો ડીટેક કરેલ છે.

## અન ડીટેકટ ચોરીઓના ગુન્હા : (૧)

(૧) તા.૨૮/૧૦/૨૦૨૧૧ ના રોજ મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ શોધી કાઢવા અંગે ગોંડલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં જે દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે, ચાર ઇસમો પીળા કલરનુ પલ્સર મો.સા. સાથે શાપર વે. એસ.આઇ.ડીસી.રોડ વિજીયા બેંક પાસે ઉભેલ છે તેવી હકિકત આધારે તુર્ત જ બાતમી વાળી જગ્યાએ પહોચી ત્યાં પ્લસર વાહન સાથે (૧) બાલુ ઉર્ફે સુનીલ ક્રિષ્ના અય્યર ઉ.વ.૨૮ રહે- હાલ- રાજકોટ, ગોકુલ પાર્ક આજીડેમ રોડ, માંડાડુંગર વિસ્તાર મુન્નાભાઇ ભરવાડના મકાનમાં તથા પીપરટોન ૨ ક્રાસ્ટ ભદ્રાવતી તા. ભદ્રાવતી જી. શીવમોગા રાજય- કર્ણાટક મુળ- શીવમંદિર ગાંધીનગર બેંગ્લોર હાઇવે, ચેન્નઇ (તામીલનાડું) (૨) હરીશ ઉર્ફે અરીશ સન-ઓ રવિ નાયડુ ઉવ.૨૮ ધંધો છુટક મજુરી રહે.હાલ-ગોકુલ પાર્ક, મુનાભાઈ ભરવાડના મકાનમાં માંડા ડુંગર વિસ્તાર આજીડેમ પાસે રાજકોટ મુળ ગામ-હોસ્માને સર્કલ (થર્ડ ક્રોસ) તીસરા ગલી ભદ્રાવતી જી.શિમોગા કર્ણાટક રાજય (૩) ગોપી લક્ષ્મણા નાયડુ ઉ.વ. ૨૫ રહે- હોસ્માને, ભદ્રાવતી જી.શિમોગા રાજ્ય કર્ણાટક હાલ- રાજકોટના માંડાડુંગર ગોકુલ પાર્કમાં એક ભાડાના મકાનમાં (૪) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ચોરી કરનાર ઈસમોને પકડી પાડી હસ્તગત કરી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતાં શાપર-વેરાવળ વી.પી.આંગડીયા પેઢીમાંથી રૂ.૫,૦૫,૩૦૦/-લઈ પોતાની ફોર-વ્હીલરમાં રાખી નીકળેલ અને પડવલા નજીક કારખાના પાસે રોડ ઉપરથી તેમની કારમાંથી રૂ.૫,૦૫,૩૦૦/- ભરેલ થેલી કોઈ ચોરી કરેલની કબુલાત આપેલ હોય અને તેની પાસેથી પીળા કલરનું પલ્સર મો.સા. નં. GJ-01-PE-2376 કિ.રૂ. ૪૦,૦૦૦/- રોકડ રકમ રૂ. ૨,૮૦,૦૦૦/- સીમકાર્ડ વગરનો વીવો સ્માર્ટફોન કિ.રૂ. ૫,૦૦૦/- જીઓ વાઈફાઈ ડોંગલ કિ.રૂ. ૧,૦૦૦/- ગાડીના કાચ તોડવા માટે તથા ખીસ્સા કાપવા માટેનુ “ગ્લાસ બ્રેકર”તથા ખંજવાળ માટેનુ ભુંસુ/ પાવડર ભરેલ પડીકી તથા ડ્રાઇવીંગ લાયસન્સ તથા ડેબીટ કાર્ડ મળી કુલ રૂ. ૩,૨૬,૦૦૦/- ના મુદ્દામાલ કબ્જે કરી ગુજરાત રાજ્ય તથા રાજસ્થાન રાજ્યના કુલ અગિયાર (૧૧) વણશોધાયેલ ગુન્હાઓના ભેદ ઉકેલવામાં આવેલ છે.

--------------------